

## Cadaver Organ Donor Rajendra M. Varma

# किडनी और लीवर दान से तीन को मिली नई जिंदगी

**मूलतः राजस्थान के निवासी युवक को ब्रेनडेड घोषित करने के बाद परिजनों ने लिया अंगदान का निर्णय**

पत्रिका न्यूज़ नेटवर्क
patrika.com

**सूरत.** छत से गिरने से गंभीर रूप से घायल युवक को ब्रेनडेड घोषित करने के बाद परिजनों के अंगदान के निर्णय से तीन जनों को नई जिंदगी मिली।

मूलतः राजस्थान के सीकर जिले की नीमकाथाना तहसील के तोड़ागांव और बारडोली के बलेनगांव निवासी राजेन्द्र



मालीराम वर्मा (35) 7 जून को छत से गिरने से घायल हो गया था। परिजनों ने उसे बारडोली के सरदार स्मारक अस्पताल में भर्ती करवाया। यहां से उसे सूरत के निजी अस्पताल में रैफर किया गया। यहां चिकित्सकों ने उसके दिमाग में खून की गांठ जमी होने का इलाज किया। गुरुवार को चिकित्सकों ने उसे ब्रेनडेड घोषित कर दिया। जानकारी मिलने पर डोनेट लाइफ के प्रमुख नीलेश मांडलेवाला अस्पताल पहुंचे और परिजनों को अंगदान के लिए समझाया। परिजन किडनी और लीवर दान करने के लिए तैयार हो गए। अहमदाबाद से इंस्टीट्यूट ऑफ किडनी डिजीज एण्ड रिसर्च सेंटर के चिकित्सकों की टीम सूरत पहुंची और किडनी तथा लीवर का दान स्वीकारा। इनमें से एक किडनी जूनागढ़ निवासी संजो केवाला (34) और दूसरी किडनी अहमदाबाद निवासी जयंती खेंगार पटेल (43) तथा लीवर जोधपुर निवासी देवेन्द्र शांतिलाल पटेल (48) में ट्रांसप्लांट किया गया।

# राजस्थान मेघवाल समाज द्वारा अंगदान

## ब्रेनडेड राजेन्द्र वर्मा की किडनी और लिवर के दान से समाज को मिली नयी दिशा



लोकतेज संवाददाता

सूरत। राजस्थान के मेघवाल समाज के ब्रेनडेड युवा के परिजनों द्वारा मृतक के अंगों का दान करने से तीन लोगों को नया जीवन मिला तथा समाज को अंगदान की नयी दिशा मिली। बारडोली में मार्बल फ्लोरिंग का काम करने वाले कडीया मजदूर और राजस्थान के सीकर जिले के नीमकाथाना तहसील तेजा गांव के निवासी राजेन्द्र मालीराम वर्मा उम्र 35 वर्ष को चिकित्सकों ने ब्रेनडेड घोषित किया था।

राजेन्द्र 6 जून 2017 को छत पर से गिर जाने से सिर में गंभीर चोट आयी थी। उसे चिकित्सा के लिए बारडोली सरदार स्मारक अस्पताल में प्राथमिक चिकित्सा के बाद सूरत महावीर ट्रोमा अस्पताल में ले गये थे। न्यूरोसर्जन की जांच और सिटी स्कैन रिपोर्ट के बाद राजेन्द्र के सिर में खून जम गया होने का खुलासा हुआ। 8 जून को न्यूरोसर्जन टीम ने राजेन्द्र को ब्रेनडेड घोषित किया। अस्पताल के चिकित्सक तथा सामाजिक अग्रणी भरतभाई शाह ([illegible]) तथा डोनेट लाईफ संस्था के निलेश मांडलेवाला के समझाने पर वर्मा परिवार के सदस्य राजेन्द्र का अंगदान करने को तैयार हुए। राजेन्द्र कि किडनी को जूनागढ़ की 14 वर्षीय सेजी तथा अहमदाबाद के जयंती पटेल उम्र 43 एवं जंबुसर के देवेन्द्र पटेल उम्र 48 को लिवर ट्रान्सप्लान्ट किया गया।

# બ્રેઈનડેડ યુવાનનાં અંગોનું દાન કરી પરિવારે સમાજને નવી દિશા બતાવી

સુરતઃ બારડોલી, બાબેન ખાતેની શક્તિનગર સોસાયટીમાં રહેતો રાજેન્દ્ર માલીરામ વર્મા (ઉં.વ. ૩૫) માર્બલ ફ્લોરિંગનું કડિયા કામ કરતો હતો. ગત તા. ૭મીએ સવારે રાજેન્દ્ર છાપરા પરથી નીચે પટકાતા બેભાન થયો હતો. ત્યારબાદ તેને સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. તબીબોએ કરેલી તપાસ દરમિયાન તેના મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું દરમિયાન ગઈકાલે સવારે તબીબોએ તેને બ્રેઈનડેડ જાહેર કર્યો હતો. ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ જૂનાગઢની કુમારી સેજી કેવાલા (૧૪) અને બીજી કિડની અમદાવાદના જયંતી ખેંગાર પટેલ (૪૩)માં, જ્યારે લિવરનું જંબુસરના દેવેન્દ્ર શાંતિલાલ પટેલ (૪૮)માં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું.

# રાજસ્થાનના મેઘવાલ સમાજના બ્રેઈન ડેડ યુવાનનું અંગદાન કરાયું

**સુરત તા. ૧૦**

મૂળ ગામ તોડા, તા. નીમકાથાના, જિ. સીકર, રાજસ્થાનના અને હાલ શક્તિનગર સોસાયટી, સુગર ફેક્ટરીની પાછળ, બાબેન ખાતે પત્ની સરોજ (ઉ. વ. ૩૦) અને પુત્રી તન્નુ (ઉ.વ. ૨) સાથે રહેતા રાજેન્દ્ર માલીરામ વર્મા (ઉ. વ. ૩૫) બારડોલીમાં માર્બલ ફ્લોરિંગનું કડિયા કામ કરતો હતો. ૭ જુને રાજેન્દ્ર સવારના ૧૧:૦૦ વાગે છાપરા પરથી નીચે પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઈ ગયો હતો. તેને સરદાર સ્મારક હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે સુરતની મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. જ્યાં નિદાન માટે સિટી સ્કેન કરાવતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ૯ જુને રાજેન્દ્રને બ્રેઈન ડેડ જાહેર કરાયો હતો.

છાંયડોના ભરતભાઈ શાહ અને રાકેશ શાહે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રાજેન્દ્રના બ્રેનડેડ અંગેની માહિતી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી રાકેશ શાહ, રામજીભાઈ ચાંદક, અને જગદીશભાઈ પરિહારની સાથે રહી રાજેન્દ્રના ભાઈ સલીલકુમાર, કાકાના દીકરા રણવીરકુમાર અને અન્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવતા પરિવારજનોએ અંગદાનની સંમતિ આપી હતી.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. સુરેશકુમાર અને તેમની ટીમ દ્વારા કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ જૂનાગઢની કુ. સેજી કેવાલા (ઉ. વ. ૧૪) અને અમદાવાદના જયંતી ખેંગારભાઈ પટેલ (ઉ. વ. ૪૩) અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ જંબુસરના રહેવાસી દેવેન્દ્ર શાંતિલાલ પટેલ (ઉ. વ. ૪૮)માં કરવામાં આવ્યું હતું.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૦૩ કિડની, ૭૮ લીવર, ૫ પેન્ક્રીઆસ, ૧૧ હૃદય અને ૧૭૬ ચક્ષુઓનો દાન મેળવીને ૪૭૧ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે. છેલ્લા આઠ દિવસમાં ડોનેટ લાઈફ દ્વારા પાંચ બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ૧૦ કીડની, ૫ લીવર, ૧ હૃદય અને ૨ ચક્ષુઓનું દાન કરાવવામાં આવ્યું છે.

## એક અઠવાડિયામાં ડોનેટ લાઈફ દ્વારા પાંચ બ્રેઈનડેડ વ્યક્તિઓની ૧૦ કીડની, ૫ લીવર, ૧ હૃદય અને ૨ ચક્ષુઓનું દાન કરાવાયું

# બ્રેનડેડ રાજેન્દ્ર વર્માની કિડની અને લીવરનું દાન કરવામાં આવ્યું

સુરત | બારડોલીમાં માર્બર ફ્લોરિંગનું કામ કરતાં રાજેન્દ્ર માલીરામ વર્માનું બ્રેઇનડેડ થતાં તેમના કિડની અને લીવરનું દાન કરાયું છે. બારડોલીના બાબેન ખાતે રહેતા અને માર્બલ ફ્લોરિંગમાં કડિયાનું કામ કરતાં રાજેન્દ્ર માલીરામ વર્મા(ઉ.વર્ષ 35) તા. 7 જૂનના રોજ સવારે 11 વાગ્યે છાપરા પરથી નીચે પડી જતાં માથાના ભાગે ગંભીર ઇજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેમને બારડોલીની સરદાસ સ્માર હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા જ્યાંથી તેમને સુરતની મહારવીર ટ્રોમા ખાતે રેફર કરાયા હતા. જ્યાં તેમના વધુ નિદાન માટે સીટી સ્કેન કરતાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. જેથી તા.૯ જૂનના રોજ તેમને બ્રેઇનડેડ જાહેર કરાયા હતા. જેથી ડોનેટ લાઇફની ટીમનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. અહીં પહોંચેલી ટીમે તેમના પરિવાજનોને અંગદાન અંગે માહિતી આપી હતી. જે બાદ પરિવારજનોની સંમતિ મળતાં તેમના અમદાવાદની કિડની હોસ્પિટલ દ્વારા કિડની લીવરનું દાન સ્વિકારાયું હતું અને કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ જૂનાગઢના રહેવાસી સેજી કેવાલા અને અમદાવાદના રહેવાસી જયંતિ પટેલ અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ જંબુસરના રહેવાસી દેવેન્દ્ર પટેલમાં હાલ ચાલી રહ્યું છે.

# બ્રેઇનડેડ જાહેર કરાયેલા બારડોલીના યુવકના અંગોનું દાન કરાયું

સુરતઃ બારડોલીમાં છાપરા પરથી પડી ગયા બાદ બ્રેઇનડેડ જાહેર કરાયેલા યુવકના અંગોનું દાન પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. પરિવારે યુવકની બે કિડની અને એક લીવરનું દાન કરી અન્ય ત્રણ લોકોની જીંદગી બચાવી લેવાઇ છે.



મૂળ રાજસ્થાનના સીકર જિલ્લાના તોડા ગામનો વતની અને હાલ બારડોલીના બાબેનમાં સુગર ફેક્ટરીની પાછળ શક્તિ નગર સોસાયટીમાં રહેતો રાજેન્દ્ર માલીરામ વર્મા (ઉ.વ.૩૫) હાલ બારડોલીમાં માર્બલ ફ્લોરીંગના કામકાજ સાથે સંકળાયેલો હતો. તે બુધવારે સવારે ૧૧ વાગ્યે છાપરા પરથી નીચે પડી જતા તેને માથામાં ગંભીર ઇજાઓ થવાથી બેભાન થઇ ગયો હતો. શુક્રવારે તબીબોએ રાજેન્દ્રને બ્રેઇનડેડ જાહેર કર્યો હતો. બીજી તરફ ડોનેટ લાઇફની ટીમે પરિવારને બ્રેઇનડેડ રાજેન્દ્રના અંગોનું દાન કરવા સમજાવતા તેની બે કિડની અને એક લીવરનું દાન કરવામાં આવ્યું હતું. બે પૈકીની એક કિડની જૂનાગઢના રહેવાસી ૧૪ વર્ષિય સેજી કેવાલામાં અને બીજી કિડની અમદાવાદના રહેવાસી ૪૩ વર્ષિય જયંતી ખેંગારભાઇ પટેલમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જયારે લીવર જંબુસરના રહેવાસી ૪૮ વર્ષિય દેવેન્દ્ર શાંતિલાલ પટેલમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.